# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,</u>

# <u>ગાંધીનગર</u>

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૧૨(સામાન્યપ્રવાહ,ઉ.ઉ.બુનિયાદીપ્રવાહ અને સંસ્કૃત મધ્યમા)ના પરીક્ષાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએથી ૧૦/૦૨/૨૦૨૦ થી ૧૨/૦૨/૨૦૨૦ દરમ્યાન લેવામાં આવેલ છે.ઉકત તમામ પરીક્ષાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના માર્કસ બોર્ડની વેબસાઇટ **gen.gsebpractical.in, gsebpractical.in** અથવા **gseb.org** પરથી શાળા દ્વારા ઓનલાઇન તા-૧૯/૦૨/૨૦૨૦ થી તા-૦૪/૦૩/૨૦૨૦ દરમ્યાન ભરવાના રહેશે .જેની તમામ સંબધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં વિધાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના માર્કસઓનલાઇન ભરવા જણાવવામાં આવેછે પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરી ની સામાન્યપ્રવાહ(ક-૧)શાખાનો જરૂર આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે.

નોંધ:- પરીક્ષાર્થીઓના માર્કસ પરીક્ષાર્થીઓને ફાળવેલ માર્ચ-૨૦૨૦ ની પરીક્ષાના બેઠક નંબર **(Seat Number)** ના આધારે ભરવાના રહેશે .ઓનલાઇન માર્કસ ભરવા માટેની તમામ સૂચનાઓ આપની શાળાના ઇન્ડેક્ષ નંબર અને નોંધાયેલ મોબાઇલ નંબરથી લોગીન કર્યા બાદ ઓનલાઇન મળી રહેશે.

Ameri..

નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

<u>સ્થળ</u>:- ગાંધીનગર
<u>તારીખ</u>:- ૧૯/૦૨/૨૦૨૦